DS-1901010101062202 Seat No. ______

# B. A. (Sem. VI) (CBCS) (WEF-2019) Examination

**April - 2022**

## Gujarati : Paper-22 (Optional)

*(ગુજરાતી વ્યાકરણ, સર્જન-લેખન કૌશલ-૬)*

*(New Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) પ્રશ્નપત્રમાં કુલ પાંચ પ્રશ્નો છે.
(2) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

1 નીચે આપેલ કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો : **14**

છલકતું તળાવ એમ છલકાય ટહુકો
પળેપળને ભીની કરી જાય ટહુકો.
મહેકતા રહે ફૂલ-ગજરાની માફક
હવામાં શી તાજપ ભરી જાય ટહુકો.
તૂટી પડશે તરડાઈને નીલિમાં કઈ
જરા પણ જો નભ સાથે અફળાય ટહુકો.
તમે મૌન દોરા સમું જો કરીને
પરોવી શકો તો પરોવાય ટહુકો.
ફૂટી નીકળે પાંખનું પીછું થઈને
વિહગના ગળામાં જો રહી જાય ટહુકો.
બરડ શુષ્ટ શબ્દોના અવકાશમાં નિત
લીલોછમ મૃદુ તારો સંભળાય ટહુકો.
કોઈ મોરપીછાંને મૂંગું કરી દો
હવે મુજથી એકે ન સચવાય ટહુકો.

- મનોજ ખંડેરિયા

પ્રશ્નો :

(1) કવિ 'ટહુકા'નો શો અર્થ કરે છે ?
(2) કવિને 'ટહુકા'નો કેવા કેવા પ્રકારનો અનુભવ થાય છે ?
(3) ટહુકાનો પ્રકૃતિ પર કેવા પ્રકારનો પ્રભાવ કવિએ વર્ણવ્યો છે ?
(4) છેલ્લી કડીમાં કવિ મોરપીછાંને મૂંગું કરી દેવાનું કેમ ઇચ્છે છે ?
(5) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

**અથવા**

1 નીચે આપેલ કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો : 14

હવે નગરમાં સવારે સવારે
ફૂલ ફૂલ કરતાં તો વધુ
બારી-બારણા ઊઘડે છે.
બાગમાં રોપેલા પેલા જંગલી છોડ પણ
હારબંધ ઊભા રહી જાય છે,
માળીની કાતરને સલામી દઈને
મો- સૂંઝણાના મલકાટને અને
સંધ્યાની નમણી લજ્જાને
દીવાલ પર ટાંગેલા આડાઅવળા
લીટાઓમાં અને રંગના ધાબાઓમાં
છૂપાયેલો પિકાસો હસી કાઢે છે.
'પ્રભુના પયગંબરો'ની ધૂળને
ગળી ગયા છે, આમતેમ અથડાતા
આલ્ફાસ્ટના અજગરો.
આ થોડાંક પંખીઓ પણ
વનવાસે આવ્યા હશે આ નગરમાં ?

- જયંત પાઠક

પ્રશ્નો :

(1) સવારે ખીલતાં ફૂલોનું સ્થાન નગરમાં કોણે લીધું ?
(2) જંગલી છોડ પર માનવ સ્વભાવની શી અસર થઈ છે ?
(3) પંખીઓને નગરમાં કેવું લાગતું હશે ?
(4) 'પ્રભુના પયગંબરો'ની ધૂળમાં શી દશા થઈ છે ?
(5) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

2 નીચે આપેલ ગદ્યખંડના આધારે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો : 14

મારે મન ઈશ્વર એક સત્ય છે. દયા છે, નીતિ છે, અભય છે. આસ્તિકની આસ્તિકતા અને નાસ્તિકતાની નાસ્તિકતા પણ તે જ છે. વાણી અને બુદ્ધિથી તેને કદી પામી શકાતો નથી. તે અત્યંત ક્ષમાવાન છે, પણ ભયંકર છે. અમે તેને જોયો નહિ તેવા બચાવ ચલાવતો નથી. પણ તે પશ્ચાતાપ કરવાની તક જરૂર આપે છે. તેના જેવો સ્વતંત્રતાનો પક્ષપાતી કોઈ નથી. કારણ કે તે આપણને સત્ અને અસત્‌ના વિવેક વિશે પૂરી સ્વતંત્રતા હંમેશાં આપે છે. તેના જેવો જુલ્મી પણ કોઈ નહિ હોય, કેમ કે વારંવાર તે આપણું કર્યું-કરાવ્યું ધૂળ ભેગું કરી દે છે. આવા વ્યાપક સત્યનારાયણને પામવા ઈચ્છનાર મનુષ્ય જીવનના એક પણ ક્ષેત્રના સંઘર્ષથી ભાગી શકતો નથી. તેથી જ સત્યની મારી પૂજા મને ભારતના રાજકારણમાં ખેંચી ગઈ. ધર્મને રાજ્ય પ્રકરણ સાથે શો સંબંધ ? એમ કહેનાર ધર્મને જાણતો નથી એમ કહેવામાં હું અવિનય કરતો નથી.

- ગાંધીજી

પ્રશ્નો :

(1) ગાંધીજીને મન સત્ય શું ?
(2) ઈશ્વરને શેનાથી પામી શકાતો નથી ?
(3) ગાંધીજી સત્યને સ્વતંત્રતાનો પક્ષપાતી કેમ કહે છે ?
(4) ગાંધીજી સત્યને જુલ્મી શા માટે માને છે ?
(5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**અથવા**

2 નીચે આપેલ ગદ્યખંડના આધારે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો : **14**

વિદ્યા મેળવવાનો આધાર કેવળ વિદ્યાલય ઉપર જ નથી હોતો, મુખ્યત્વે કરીને વિદ્યાર્થી ઉપર જ હોય છે. ઘણા વિદ્યાર્થીઓ વિદ્યાલયમાં જાય છે એટલું જ નહિ ઉપાધિ પણ મેળવે છે, છતાં વિદ્યા પામતા નથી. તે જ પ્રમાણે તીર્થ કરવા તો ઘણા જાય છે, પણ તીર્થનું સાચું ફળ બધા મેળવી શકતા નથી. જેઓ જોવાની વસ્તુઓ જુએ નહીં, મેળવવાની વસ્તુ લે નહિ તેમની વિદ્યા આખર સુધી પોથીમાં જ રહે છે અને ધર્મ બાહ્ય આચરણમાં જ પુરાઈ રહે છે. તેઓ તીર્થમાં જાય છે ખરા, પણ જવાને તેઓ પુણ્ય માને છે, પામવાને નહિ. તેઓ અમુક જળ અથવા અમુક માટીમાં વિશેષ ગુણ રહેલો છે એમ માને છે. તેથી માણસનું લક્ષ્ય ભ્રષ્ટ થાય છે. જે ચિત્તની સામગ્રી છે તેને વસ્તુમાં હાંકી કાઢી તેનો નાશ થાય છે. આખા દેશમાં સાધનાની પરિશુદ્ધિ થયેલી ચિત્તશક્તિ જેમ જેમ મલિન થતી ગઈ તેમ તેમ આ નિરર્થક બાહ્યતા વધતી ગઈ તે વાત કબૂલ કરવી પડશે.

- રવીન્દ્રનાથ ટાગોર

પ્રશ્નો :

(1) વિદ્યા મેળવવાનો આધાર કોના ઉપર હોય છે ?
(2) કોની વિદ્યા પોથીમાં જ રહે છે ?
(3) માણસનું લક્ષ્ય શાથી ભ્રષ્ટ થાય છે ?
(4) રવીન્દ્રનાથ ટાગોર કઈ વાત કબૂલ કરવી પડશે એમ માને છે ?
(5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

3 નીચે આપેલ કાવ્યનું રસદર્શન કરો : **14**

મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરો ન કોઈ.
જા કે સિર મોર-મુકુટ મેરે પતિ સોઈ.
માત તાત ભ્રાત બંધુ, અપના નહિ કોઈ;
છોડ દઈ કુલકી કાની, ક્યા કરિહે કોઈ.
અંસુવન જલ સીંચ સીંચ પ્રેમબેલી બોઈ;
અબ તો બેલ ફૈલ ગઈ, આણંદ ફલ હોઈ.
દૂધ કી મથનિયા બડે પ્રેમ સે બિલોઈ;
મખ્ખન જબ કાઢિ લિયો છાછ પિયે કોઈ.
ભગત દેખી રાજી હુઈ, જગત દેખી રોઈ;
દાસી મીરાં લાલ ગિરધર, તારો અબ મોહીં.

- મીરાંબાઈ

**અથવા**

3 નીચે આપેલ કાવ્યનું રસદર્શન કરો : 14

ભમ્યો તીર્થે તીર્થે ધરી ઉર મનીષા દરશની,
પુરી, કાશી, કાંચી, અવધ, મથુરા ને અવર સૌ,
ભમ્યો યાત્રાધામો, અડસઠે જલે સ્નાન કરિયાં,
વળી સાથે લાવ્યો વિમલ ઘટ ગંગોધક ભરી.
છતાં રે ના લાધ્યું પ્રભુ ! પુનિત એક્કે તીરથ
જ્યાં શકે મારી છીપી ચરમ મનીષા તું-દરશની
અને એવા ઝાઝા દિન વહી ગયા શોધન મહીં
વહ્યા એથી ઝાઝા સતત ઘટમાળે જીવનની !
અમે બે સાંજુકા સહજ મઢી ઓટે નિત પેઠે
વળ્યા'તાં વાતોએ, નયન નમણાં ને સખી તણાં
પોઢ્યા'તાં વાત્સલ્યે, મૃદુલ નવજાતા કલિ પેરે
ઝૂકી, ઢાંકી જેને અરધપરધાં પાલવ થકી-
ઉછંગે પિવાડી અનગળ રહી અમૃત ઝરા !
મને એ ચક્ષુમાં પ્રભુ ! જગત તીર્થોત્તમ મળ્યું.

- બાલમુકુન્દ દવે

4 સ્વરસંધિ સમજાવી તેના નિયમો જણાવો. 14

**અથવા**

4 વ્યંજનસંધિ સમજાવી તેના નિયમો જણાવો. 14

5 નીચે આપેલા શબ્દોના સંધિવિગ્રહ કરો : (ચારમાંથી કોઈપણ **બે**) 14

(1) વિદ્યાર્થી, કવીન્દ્ર, ઋષીશ્વર, વનૌષધિ, ગંગોર્મિ, દિગ્વિજય, જગદંબા.

(2) નિશ્ચલ, શિવાલય, રેખાકૃતિ, દેવેચ્છા, ગુરૂત્તમ, લઘુર્મિ, ઉપેન્દ્ર.

(3) રમેશ, સૂર્યોદય, પ્રસંગોચિત, અત્યાનંદ, પ્રત્યેક, જગન્નાથ, સન્માર્ગ.

(4) ઉજ્જવલ, તલ્લીન, શબ્દાર્થ, જીવાત્મા, હરીચ્છા, વિદ્યાભ્યાસ, દયાનંદ.